

(તસવીર : કાન્તીલાલ લોધા, ડીસા)

## ડીસામાં ઘરનું ઘર યોજનાના ફોર્મ માટે પડાપડી

ડીસા હિન્દુધર્મ શાળા ખાતે આજરોજ કોંગ્રેસ અગ્રણીઓ દ્વારા 'ઘરનું ઘર' યોજનાના ફોર્મનું વિતરણ કરતાં તેને મેળવવા માટે મહિલાઓએ ભારે ઘસારો કરતાં વ્યવસ્થા ખોરવાઈ હતી. આગામી વિધાનસભાની ચુંટણીઓને લઈ દરેક પક્ષો દ્વારા પ્રજાને વચન આપવામાં આવી રહ્યા છે ત્યારે કોંગ્રેસ જો સત્તા પર આવશે તો ઘર વિહોણા તમામને ઘરનું ઘર આપવામાં આવશે તેવી જાહેરાત કરાઈ છે. જેનું ફોર્મ વિતરણ કેટલાક વિસ્તારોમાં ચાલી રહ્યું છે ત્યારે ડીસામાં વડાપ્રધાન સ્વ. રાજીવ ગાંધીના જન્મદિને ડીસામાં ઘરનું ઘર યોજનાનું ફોર્મ વિતરણ શરૂ કરાયું હતુ. જેમાં શહેરમાંથી મોટી સંખ્યામાં મહિલાઓ ઉમટી પડતા અવ્યવસ્થા સર્જાઈ હતી અને ફોર્મ લેવા જોરદાર ધક્કા મુક્કી સર્જાઈ હતી. આ પ્રસંગે ડીસા શહેર કોંગ્રેસ પ્રમુખ દીપક પટેલ સહિત કોંગ્રેસ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા અને બહેનોને શાંતિ રાખવા અપીલ કરી તમામ વોર્ડોમાં કાર્યકરો દ્વારા ફોર્મનું વિતરણ કરાશે તેવી ખાત્રી આપી હતી.

# તલોદ ખાતે ઘરનું ઘર ફોર્મ વિતરણ કાર્યક્રમ યોજાયો

તલોદ, તા. ૨૦

સાબરકાંઠા જિલ્લાના તલોદ ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ આયોજીત ઘરનું ઘર યોજના અંતર્ગત આજે સ્વ. રાજીવ ગાંધીના જન્મદિને તલોદ શહેરમાં ફોર્મ વિતણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. મોટી સંખ્યામાં બહેનો ઉપસ્થિત રહેવાની હોવાથી પોલીસનો પૂરતો બંદોબ્સત ગોઠવવામાં આવ્યો હતો. મહિલા પોલીસને પણ તૈનાત કરાઈ હતી. ફોર્મ વિતરણ કાર્યક્રમ તલોદના કોંગ્રેસી કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

તલોદ શહેરમાં આજે સવારથી જ કોંગ્રેસ પક્ષ દ્વારા ઘરનુંઘર યોજનાના ફોર્મનું વિતરણ થવાનું હોવાથી મોટી સંખ્યામાં બહેનો ઉમટી પડી હતી. તલોદ શહેરમાં ૩૦૦૦ ફોર્મનું વિતરણ કરવામાં આવ્યુંહતુ. તેમ છતાં ફોર્મ લેવા માટે બહેનોનો ઘસારો જોતા વધુ ૧૦૦૦ ફોર્મ મંગાવવામાં આવ્યા છે. ફોર્મ વિતરણ કાર્યક્રમમાં તલોદના પૂર્વ પાલિકા પ્રમુખ રંગુસિંહ સોલંકી, તાલુકા કોંગ્રેસ પ્રમુખ મંગુભા ઝાલા, સાબરકાંઠા જિલ્લા ઉપપ્રમુખ રાજુભાઈ રાવલ, પૂર્વ તાલુકા પ્રમુખ એસ.કે. ઝાલા તેમજ મોટી સંખ્યામાં કોંગ્રેસી કાર્યકર્તા ઉપસ્થિત રહી ફોર્મ વિતરણની વ્યવસ્થા સંભાળી હતી.

# પાલનપુર-ડીસા હાઈવે પર ગંભીર અકસ્માત : ૧નું મોત

પાલનપુર, તા. ૨૦

બનાસકાંઠા જિલ્લાના મુખ્યમથક પાલનપુર ડીસા હાઈવે પર આજે કુશ્કલ ગામ નજીક શટલીયા જીપ અને ટ્રેલર વચ્ચે અકસ્માત સર્જાતા એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. જ્યારે ૧૪ ઘાયલોને સારવાર અર્થે પાલનપુર સિવિલ ખાતે લઈ જવામાં આવ્યા હતા.

પ્રાપ્ત વિગત મુજબ પાલનપુર-ડીસા હાઈવે પર કુશ્કલ ગામ નજીક મુસાફરોથી ખીચોખીચ ભરીને જઈ રહેલી જીપ અને ટ્રેલર ધડાકાભેર અકસ્માત સર્જાતા જીપમાં બેઠેલ કંકુબેન ઘેમરજી વાઘણીયા (રહે. રતનપુર દાંતીવાડા)નું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. જ્યારે અન્ય ઘવાયેલા ૧૪ વ્યક્તિઓને લોકોની મદદથી ૧૦૮ દ્વારા પાલનપુર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. ઘાયલોના સગા સંબંધીને જાણ થતા પાલનપુર હોસ્પિટલ ખાતે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા.

પાલનપુર-ડીસા હાઈવે પર છાશવારે થતા માર્ગ અકસ્માત પાછળ જિલ્લા ટ્રાફિક પોલીસ, સ્થાનિક પોલીસ અને આર.ટી.ઓ. દ્વારા દર મહિને લેતા જીપ ચાલકો પાસેથી મોટા હપ્તા જ કારણભુત હોવાનું મનાય છે. જીપ ચાલકો ક્ષમતા કરતા વધુ પેસેન્જરો બેસાડી બેફામ ગતિએ હંકારી આવા અકસ્માત સર્જતા હોવાનું લોકોમાં ચર્ચાઈ રહ્યું હતું. અને ઉગ્ર આક્રોશ વ્યક્ત કર્યો હતો.

# પાટણમાં ૧૦૦ વીઘા જમીનમાં ઠાકોર યુનિવર્સિટી બનાવવા તૈયારીઓ શરુ

## સાત દિવસમાં જમીન નક્કી કરવા બિલ્ડરોને સાંસદ જગદીશ ઠાકોરનો આદેશ

ડીસા, તા. ૨૦

પાટણની આજુબાજુ ૧૫ થી ૨૦ કિ.મી.ના અંતરે ૧૦૦ વીઘા જમીનમાં ક્ષત્રિય ઠાકોર સમાજની યુનિવર્સિટી બનાવવા માટેની તૈયારીઓ શરુ કરી દેવાઈ છે. આ માટે સાત દિવસની અંદર જગ્યા નક્કી કરવાની જવાબદારી ચંદનસિંહ ઠાકોર સહિતની બિલ્ડર લોબીને સોંપવામાં આવી છે. સમગ્ર ગુજરાતમાં વસતા ઠાકોર સમાજ માટે આ એક આનંદ અને ખુશીના સમાચાર છે.

પાટણ ખાતે ચાણસ્મા રોડ પર આવેલ નવા સરકીટ હાઉસ ખાતે પાટણ અને બનાસકાંઠા ક્ષત્રિય ઠાકોર મિડીયા ગ્રુપની ચિંતન શિબિરમાં ઉપસ્થિત રહેલ સાંસદ જગદીશ ઠાકોરે પાટણની આજુબાજુ ૧૫ થી ૨૦ કિમીના અંતરે ક્ષત્રિય ઠાકોર સમાજની યુનિવર્સિટી બનાવવા માટે અત્યારથી જ કામે લાગી જવા માટે સમાજના યુવાનો અને અગ્રણીઓને હાકલ કરી હતી.

આ કામ માટે દાતાઓ દ્વારા દાનની પણ જાહેરાત કરી દેવામાં આવી છે. સમાજની એકતા અને ઉન્નતિ માટે એક માત્ર શિક્ષણ જ વિકલ્પ હોવાથી ૧૦૦ વીઘા જમીનમાં યુનિવર્સિટી બનાવવાનો સંકલ્પ લેવાયો હતો. આ પ્રસંગે ઉપસ્થિત બનાસકાંઠા જિલ્લા પંચાયત સહકાર સમિતિના ચેરમેન ગેનીબેન ઠાકોર, વાગડોદ ધારાસભ્ય જોધાભા ઠાકોર, પાલનપુર તાલુકા પંચાયતના પ્રમુખ સોનજીજી દેલવાડીયા, બનાસકાંઠા જિલ્લા સદસ્ય મેરુજી ધુંખ, તનવાડ સરપંચ કરશનજી રાઠોડ (તંત્રી), પાટણ આર્ટસ કોલેજના પ્રોફેસર ચૌહાણ, સીઆરસી વિરેન્દ્રસિંહ ઠાકોર, થરાદ તાલુકા પંચાયત સદસ્ય ગેનાજી ઠાકોર, ખેંટવા ગ્રામ પંચાયતના ઉપસરપંચ કંચનજી ઠાકોર, સર્કલ ઓફિસર સવદાનજી ઠાકોર, વદનજી ઠાકોર, પુર્વ ધારાસભ્ય લવિંગજી સોલંકી, મોઘજી ઠાકોર તેમજ પાટણ-બનાસકાંઠા જિલ્લાના અગ્રણીઓ અને પત્રકાર મિત્રો ઉપસ્થિત રહ્યા હતાં.



(તસવીર : કાન્તિલાલ લોધા, ડીસા)

## પ્રાંતિજમાં ઘરનું ઘર યોજનાના અંતર્ગત ફોર્મ વિતરણ કરાયા

પ્રાંતિજ, તા. ૨૦

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ આયોજીત ઘરનું ઘર યોજના અંતર્ગત સ્વ. રાજીવ ગાંધીની જન્મ જયંતિએ પ્રાંતિજ મુકામે મહિલાઓને કોંગ્રેસ સભ્યો દ્વારા ફોર્મનું વિતરણ કરવામાં આવ્યું હતું.

પ્રાંતિજના ભાખરિયા બસ સ્ટેન્ડ ઉપર આવેલા મહાકાળી મંદિર પાસેના ચોકમાં આજે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ આયોજીત ઘરનું ઘર યોજના અંતર્ગત પ્રાંતિજની બહેનોને ફોર્મનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બહેનોને દિવસ દમિયાન કુલ ૩૦૦૦ જેટલા ફોર્મનું વિતરણ કરાયું હતું જેથી મહિલાઓ ખુશ ખુશાલ જણાતી હતી. આ કાર્યક્રમમાં કોંગ્રેસી આગેવાન મોટી સંખ્યામાં જોડાયા હતા.

## માણસાના રિદ્રોલ ગામે સાપ કરડતા એક વ્યકિતનું મૃત્યુ

માણસા, તા. ૨૦


ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના રિદ્રોલ ગામે ગતરોજ બપોરના સુમારે ખેતરમાં કામ કરતાં એક વ્યકિતને સાપ કરડતાં ગાંધીનગર સિવિલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમિયાન મોત નિપજયું હતું. બનાવ અંગે પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

માણસા તાલુકાના રિદ્રોલ ગામે રહેતા નટુભાઈ ડાહ્યાભાઈ પટેલ (ઉ.વ.પ૮) પોતાના ખેતરમાં ગતરોજ બપોરના સુમારે ખેતીનું કામ કરતા હતા તે દરમિયાન અચાનક સાપ કરડતા તેમને તાત્કાલિક ગાંધીનગર સિવિલ ખાતે લઈ જવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમિયાન નટુભાઈનું મોત નિપજયું હતું. બનાવ અંગે પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી ઘટતી કાર્યવાહી કરી હતી.

# ડીસામાં મુસ્લિમ બિરાદરો દ્વારા ઈદ ઉલ ફીત્રની ઉજવણી

ડીસા, તા. ૨૦

ડીસા શહેરમાં મુસ્લિમ બિરાદરો દ્વારા ઈદ ઉલ ફિત્રની હર્ષોલ્લાસ અને શ્રદ્ધાસાથે ઉજવણી કરવામાં આવી હતી. શહેરના ગવાડી વિસ્તારમાં ભાઈજાન બાવાની દરગાહ પાસે આવેલ કબ્રસ્તાનમાં આવેલી મસ્જીદમાં બહોળી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો એકઠા થઈ સમુહમાં નમાઝ પઢી સમાજમાં ભાઈચારો, એકતા, ઉન્નતિ માટે દુઆ કરી હતી. ડીસા શહેરના મુસ્લિમ બિરાદરો રમઝાનમાસ દરમ્યાન રોઝા રાખી ખુદાની બંદગી સાથે ધર્મમય જીવન વિતાવે છે. ત્યારે આજે રમઝાન ઈદના દિવસે સવારથી જ નવા કપડામાં સજ્જ થઈ ઈદ મુબારક પાઠવવા માટે નીકળી પડે છે. શહેરના ગવાડી, મિરામહોલ્લા અને અખ્તર વિસ્તારમાં રમઝાન ઈદને લઈ દિવાળી જેવો માહોલ સર્જાયો હતો. જેમાં એકબીજા મીઠાઈ વહેંચી ઈદમુબારક પાઠવે છે. મુસ્લિમ બિરાદરો હિન્દુ મિત્રઓને ત્યાં મીઠાઈ મોકલાવે છે જ્યારે હિન્દુઓ ગીફ્ટ આપી ઈદમુબારક પાઠવી હતી. શહેરમાં રમઝાન ઈદ દરમ્યાન શાંતિપૂર્ણ માહોલ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે ડીસા ડીવાયએસપી આર.આઈ. પટેલના માર્ગદર્શન હેઠળ શહેર પી.આઈ. ભદોરીયાએ પોલીસ બંદોબસ્ત ગોઠવ્યો હતો. આમ શહેરમાં કોમી એખલાસ અને શ્રદ્ધાના માહોલ સાથે ઈદ ઉલ ફિત્રની ઉજવણી કરાઈ હતી.



(તસવીર : કાન્તીલાલ લોધા, ડીસા)



ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ આયોજીત સાબરકાંઠા જિલ્લા કોંગ્રસ સમિતિ તરફથી હિંમતનગર ખાતે ઘર વિહોણા અને વર્ષોથી ભાડાના મકાનમાં રહેતા અનેક પરિવારોને આજે હિંમતનગર કોંગ્રેસ કાર્યકરો દ્વારા ઘરનું ઘર યોજનાના ફોર્મનું વિતરણ કરવામાં આવ્યું હતું. (તસવીર : મગનજી વણઝારા)

# હિંમતનગરના બેરણા ગામે હાઈવે પર મારામારીના બનાવમાં સામસામે છ વિરૂદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા. ૨૦

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના બેરણા ગામે નેશનલ હાઈએ પર રવિવારની રાત્રીના બેરણા ગામના ઈસમો એક મહિલાની બાબતે મારામારી કરી બોલેરો જીપને નુકશાન કરી નાસી ગયા હતા. આ બનાવ અંગે ગાંભોઈ પોલીસમથકે સામસામે ફરિયાદ નોંધાઈ હતી. જેથી પોલીસે તમામ છ આરોપીને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

વિગત મુજબ રવિવારની રાત્રીના ૧૦.૩૦ વાગેના સુમારે નેશનલ હાઈવે-૮ પર બેરણા ગામે ગામના અબ્બાસભાઈ બચુભાઈ પઠાણ અને તેનો ભાઈ જતીનભાઈ બચુભાઈ પઠાણ બંને જણા પોતાની બોલેરો જીપ નંબર-જીજે-૯-એજી-૮૧૦૫માં બેઠા હતા ત્યારે બેરણા ગામની મહિલા ભારતીબોન દેવાભાઈ પટેલ બળવંતસિંહ ઉર્ફે બોરીયો બાબુભાઈ પરમાર સાથે બાઈક પર હિંમતનગરથી પોતાના ઘરે બેરણા જઈ રહી હતી ત્યારે રોડ પર જીપમાં બોસેલ અબ્બાસભાઈ પઠાણે ભારતીબેને કહેલ કે તું અગાઉ મારી સાથે સંબંધ રાખતી હતી અને હવે કેમ મારી સાથે બોલતી નથી તેમ કહી અપમાનિત શબ્દો અને ગાળો બોલીને કહેલ કે તું મારી સાથે ચાલ તેવું કહી હાથથી ઈશારા કરી સાથેના બાબુજી ધુળાજી પરમારને ગાલ પર લાફો મારી અને બંને જણાએ ગાળો બોલતા મારામારી થઈ હતી અને ભારતીબેન પટેલ, અલ્પેશભાઈ દેવાભાઈ પટેલ, બળવંતસિંહ ઉર્ફે બોરીયો બાબુભાઈ પરમાર, બાબુજી ધુળાજી પરમાર સહીત ટોળાએ લાકડીઓ વડે અબ્બાસભાઈ પઠાણ અને જતીનભાઈ પઠાણ બંનેને માર મારી બોલેરો જીપના તમામ કાચ, સીટો સહીત જીપને નુકશાન પહોંચાડી નાસી ગયેલા. આ બનાવ અંગે ગાંભોઈ પોલીસમથકે બંને પક્ષે સામ-સામે ફરિયાદ નોંધાઈ હતી. જેમાં બોરણાની ભારતીબોન દેવાભાઈ પટેલે અબ્બાસભાઈ બચુભાઈ પઠાણ અને જતીનભાઈ બચુભાઈ પઠાણ વિરૂદ્ધ અને અબ્બાસભાઈ બચુભાઈ પઠાણે ભારતીબોન દેવાભાઈ પટેલ, અલ્પેશભાઈ દેવાભાઈ પટેલ, બાબુજી ધુળાજી પરમાર, બળવંતસિંહ ઉર્ફે બોરીયો બાબુભાઈ પરમાર વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા ગાંભોઈ પોલીસે સોમવારના રોજ તમામ છ આરોપીની ધરપકડ કરી જેલ હવાલે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## હિંમતનગરમાં એક્ટીવા પર ૧૦ હજારના વિદેશી દારૂ સાથે બે પકડાયા

હિંમતનગર, તા. ૨૦

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર શહેરના બેરણા રોડ પરથી પોલીસે રવિવારની મોડી રાત્રીના એક્ટીવા પર ૧૦હજારના વિદેશી દારૂ સાથે બે જણાને પકડી પાડી તેમના વિરૂદ્ધ હિંમતનગર ટાઉન પોલીસમથકે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

વિગત મુજબ હિંમતનગર ટાઉન પોલીસ રવિવારની મોડી રાત્રીના પેટ્રોલિંગમાં હતી ત્યારે ૨.૦ વાગેના સમયે બળવંતપુરા તરફથી બેરણા તરફ એક્ટીવા નંબર જીજે-૯-સીડી-૩૯૩૬ પર બે કપડાના પોટલા લઈ બે ઈસમો જઈ રહ્યા હતા તેમને ઉભા રાખી તપાસ કરતા પોટલામાંથી વિદેશી દારૂની ૨૦ બોટલ અને બીયરની ૨૬ બોટલ મળી કુલ રૂ. ૧૦હજાર ૬૦૦નો મળી આવ્યો હતો.

જેથી પોલીસ ૩૦હજારનું એક્ટીવા મળી કુલ ૪૦હજાર ૬૦૦નો મુદ્દામાલ કબજે લઈ રાજસ્થાનના મુળ અને હાલ હિંમતનગરના બેરણા રોડ પર આવેલ યશસ્વી બંગ્લોઝમાં છેલ્લા બે મહિનાથી ભાડે રહેતા નિર્મલ દેવારામજી રબારી અને જગદીશ રામજી રબારી બંને વિરૂદ્ધ હિંમતનગર ટાઉન પોલીસમથકમાં ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ અંગે પોલીસે જણાવેલ કે આ બંને જણા એક્ટીવા પર રાજસ્થાનના દહિયાથી વિજયનગર થઈને હિંમતનગર માત્ર બે પેટી વિદેશી દારૂ લાવી રહ્યો હતો.

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટિ પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૮૯

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામ ● મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex,
Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop
Gandhinagar - Koba High way, Gandhinagar
Mobile : 94265 13601